# 48

**રાજ્યમાં કસ્ટોડીયલ ડેથના બનાવો**

*15/4/1575 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર** (દાણીલીમડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કસ્ટોડીયલ ડેથના કેટલા બનાવો બન્યા છે,

(૨) કસ્ટોડીયલ ડેથ માટે જવાબદાર પોલીસ અધિકારી/કર્મચારી સામે શા પગલાં લીધાં, અને

(૩) ઉક્ત સ્થિતિએ કસ્ટોડીયલ ડેથના કિસ્સામાં વારસદારોને કેટલું વળતર આપવામાં આવ્યું અને કેટલું વળતર આપવાનું બાકી છે?

**જવાબ**

(૧)

| કસ્ટડી/વર્ષ | વર્ષ–૨૦૨૨ | વર્ષ–૨૦૨૩ |
|---|---|---|
| જેલ કસ્ટડી | ૭૫ | ૭૦ |
| પોલીસ કસ્ટડી | ૧૪ | ૧૪ |

(૨) જવાબદાર પોલીસ અધિકારી/કર્મચારી વિરુધ્ધ ખાતાકીય તપાસ, ફરજ મોકુફી, રોકડ દંડની શિક્ષા, રીપ્રિમાન્ડની શિક્ષા, ઈજાફો અટકાવવાની, બદલીની શિક્ષા સહિત નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ અથવા ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ અથવા કોર્ટ દ્વારા હુકમો કરવામાં આવ્યેથી તે મુજબ રાજ્ય સરકાર દ્વારા કસ્ટોડીયલ ડેથના કિસ્સામાં વળતર ચુકવવામાં આવે છે. ઉક્ત બે વર્ષના કસ્ટોડીયલ ડેથના કિસ્સામાં રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ અથવા ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ અથવા કોર્ટના વળતર ચુકવણીના કોઇ હુકમો થયેલ નથી. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------